# Kids કોર્નર

**Hello Kids.**
You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિદ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.
email- kidscorner@gujaratmitra.in



# સોનેરી પાંખોવાળું પતંગિયું અને અહંકારનો અંત

એક સુંદર અને ગાઢ જંગલમાં સોનુ નામનું એક ખૂબ જ સુંદર પતંગિયું રહેતું હતું. કુદરતે તેને સોનેરી અને ચમકતી પાંખો આપી હતી. જ્યારે પણ સોનુ ઊડતું, ત્યારે તેની પાંખો સૂરજના કિરણોમાં સોનાની જેમ ચમકી ઉઠતી.

જંગલના બધા જ પશુ-પંખીઓ તેના રૂપના વખાણ કરતા થાકતા નહીં. પણ આ સતત મળતા વખાણના કારણે સોનુના મનમાં અહંકાર આવી ગયો હતો. તેને લાગતું કે તેના જેવું સુંદર આખા જંગલમાં કોઈ નથી, અને બાકીના બધા જીવજંતુઓ કદરૂપા અને નકામા છે. એક દિવસ સોનુ એક બગીચામાં ગુલાબના ફૂલ પર બેસીને અમૃત પી રહ્યું હતું. ત્યાં જ એક સાધારણ, કાળા રંગની કીડી બિચારી ભારે મહેનત કરીને ખાંડનો એક દાણો ખેંચીને જઈ રહી હતી. “અરે ઓ કાળી કીડી! જરા તારું રૂપ તો જો! આખો દિવસ ધૂળમાં આળોટે છે અને આટલી મજૂરી કરે છે. મારી સામે જો, ભગવાને મને કેવી સોનેરી પાંખો આપી છે! હું તો બસ હવામાં ઊડું છું અને ફૂલોનો રસ પીઉં છું.” કીડીએ શાંતિથી સોનુ સામે જોયું અને નમ્રતાપૂર્વક કહ્યું: “સોનુ ભાઈ, ભગવાને બધાને અલગ-અલગ બનાવ્યા છે અને બધાનું પોતાનું કામ હોય છે. રૂપ પર આટલો ઘમંડ ન કરવો જોઈએ.” પરંતુ સોનુ તો અહંકારના નશામાં હતું. તેણે કીડીની વાત હસી કાઢી અને ત્યાંથી ઊડી ગયું. રસ્તામાં તેને એક મધમાખી અને એક કરોળિયો મળ્યા, સોનુએ તેમની પણ મજાક ઉડાવી.

**એક દિવસ સોનુ એક બગીચામાં ગુલાબના ફૂલ પર બેસીને અમૃત પી રહ્યું હતું. ત્યાં જ એક સાધારણ, કાળા રંગની કીડી બિચારી ભારે મહેનત કરીને ખાંડનો એક દાણો ખેંચીને જઈ રહી હતી.**

દિવસો વીતતા ગયા. એક સાંજે અચાનક જંગલનું વાતાવરણ બદલાઈ ગયું. કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા અને જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. જોતજોતામાં ભયાનક વાવાઝોડું અને વરસાદ શરૂ થઈ ગયો. સોનુએ પોતાની સોનેરી પાંખો ફફડાવીને બચવા માટે સલામત જગ્યા શોધવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પવન એટલો જોરદાર હતો કે સોનુ પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેઠું. વરસાદના મોટા-મોટા ટીપાં તેની નાજુક અને સોનેરી પાંખો પર પડવા લાગ્યા. ભીની થવાને કારણે તેની પાંખો ભારે થઈ ગઈ અને તે ઊડી શક્યું નહીં. પવનના એક જોરદાર ઝાપટા સાથે સોનુ સીધું જમીન પર કાદવમાં જઈને પડ્યું. કાદવમાં પડવાના કારણે તેની સુંદર સોનેરી પાંખો ખરડાઈ ગઈ અને તે લાચાર થઈ ગયું. તે હલનચલન પણ કરી શકતું નહોતું. તેને લાગ્યું કે હવે તે બચશે નહીં. બરાબર એ જ સમયે, પેલી કીડી પોતાના મજબૂત અને સુરક્ષિત દર (રાફડા)માંથી આ બધું જોઈ રહી હતી. સોનુની આવી હાલત જોઈને કીડી જૂની વાતો ભૂલી ગઈ. તેણે તાત્કાલિક પોતાની સાથી કીડીઓને બોલાવી અને બધાએ ભેગા મળીને ભારે મુશ્કેલીથી સોનુને ઢસડીને પોતાના રાફડાની અંદર એક સુરક્ષિત અને સૂકી જગ્યાએ પહોંચાડ્યું. આખી રાત બહાર તોફાન ચાલતું રહ્યું, પણ સોનુ કીડીઓના ઘરમાં એકદમ સુરક્ષિત હતું.




સવારે જ્યારે તોફાન શાંત થયું અને સૂરજ નીકળ્યો, ત્યારે સોનુની પાંખો સુકાઈ ગઈ હતી. કીડીઓએ તેની પાંખો પરથી કાદવ સાફ કરવામાં પણ મદદ કરી હતી. જો કે, હવે તેની પાંખો પહેલા જેવી ચમકતી નહોતી, પણ તે ઊડી શકે તેમ હતું. સોનુની આંખોમાં પસ્તાવાના આંસુ હતા. તેણે નમ્રતાથી કીડી સામે હાથ જોડ્યા અને કહ્યું: “મને માફ કરી દો, કીડી બહેન! હું મારા રૂપના અહંકારમાં આંધળો થઈ ગયો હતો. મેં તમારી મજાક ઉડાવી, પણ આજે તમે જ મારો જીવ બચાવ્યો છે. મને સમજાઈ ગયું છે કે સાચું મૂલ્ય સુંદરતાનું નહીં, પણ ગુણ અને પરોપકારનું છે.” કીડીએ હસીને કહ્યું, “કોઈ વાંધો નહીં સોનુ ભાઈ, મુશ્કેલીના સમયે એકબીજાને મદદ કરવી એ જ આપણી સાચી ફરજ છે.” તે દિવસ પછી સોનુનું અભિમાન કાયમ માટે ઓગળી ગયું. તે હવે જંગલના તમામ જીવો સાથે નમ્રતા અને પ્રેમથી રહેવા લાગ્યું.

# સ્પોર્ટ્સ શૂઝમાં એક્સ્ટ્રા ‘શૂઝ લેસ હોલ’ કેમ આપવામાં આવે છે?

અજબ ગજબ

લોકો સવારથી લઈને સાંજ સુધી ઘણી જીવનજરૂરી વસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ દૈનિક વપરાશની આ વસ્તુઓને જ્યારે ધ્યાનથી જોવામાં આવે તો ઘણાં એવા સવાલો મગજમાં આવશે, જે બીજા લોકોએ ક્યારેય વિચાર્યા પણ નહીં હોય. એટલું જ નહીં તેના જવાબ પણ ઘણા રસપ્રદ હોય છે. પરંતુ માણસ પોતાના દૈનિક જીવનમાં એટલો વ્યસ્ત હોય છે કે તેને વિચારવાનો સમય જ મળતો નથી. પરંતુ તમે ચિંતા ના કરો, અમે તમારા માટે આવા જ રસપ્રદ સવાલ અને તેની પાછળના કારણો લઈને આવીએ છીએ, જેના વિશે તમે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય. આજે પણ કંઈક એવું જ લઈને આવ્યા છીએ જેનો સીધો સંબંધ તમારા જુતા (શૂઝ) સાથે છે.

ઘણાં લોકો જૂતા પહેરતા હોય છે. તમે પણ શૂઝ પહેરતા હશો. જો તમારી પાસે સ્પોર્ટ્સ શૂઝ છે તો તમે ક્યારેય લેસ બાંધવાના ભાગે ધ્યાન આપ્યું છે? તમે ક્યારેય શૂઝમાં લેસ બાંધવાના ભાગે ધ્યાનથી જોયું હશે તો તમે નોટિસ કર્યું હશે કે ઘણાં શૂઝમાં લેસ બાંધવા માટે એક એક્સ્ટ્રા હોલ આપવામાં આવે છે. જે સૌથી ઉપરના હોલની બાજુમાં આપવામાં આવતો હોય છે. શું તમને ખબર છે કે આ એક્સ્ટ્રા હોલ શા માટે આપવામાં આવે છે? આવો, અમે તમને તેની પાછળનું કારણ જણાવીએ.



અમે જે એક્સ્ટ્રા શૂલેસેસ હોલની વાત કરી રહ્યા છીએ તેને હીલ લોક કે પછી રનર લોક બનાવવા માટે આપવામાં આવે છે. આવો તેની પાછળનું કારણ જાણીએ. આ એક્સ્ટ્રા હોલ એડીને જૂતામાં સારી રીતે લોક કરવા માટે આપવામાં આવે છે, તેથી દોડતી કે ચાલતી વખતે એડી જૂતાની બહાર નીકળી ન જાય અથવા વારંવાર ઉપર ન ઊઠે.

તેના અન્ય મહત્વના ફાયદા પણ છે જેમ કે તે છાલા (ફોલ્લા) થવાથી બચાવે છે. જો જૂતા ઢીલા રહે અને ચાલતી વખતે એડી વારંવાર ઉપર-નીચે થતી હોય, તો ઘર્ષણને કારણે છાલા પડી શકે છે. આ એક્સ્ટ્રા હોલ તેને અટકાવે છે.

જો તમારા જૂતાની લેસ થોડી વધારે લાંબી હોય, તો પણ આ એક્સ્ટ્રા હોલનો ઉપયોગ કરીને તેને સરસ રીતે વ્યવસ્થિત કરી શકાય છે. ટૂંકમાં આ નાનકડો એક્સ્ટ્રા હોલ તમારા જૂતાને વધુ સુરક્ષિત, આરામદાયક અને સ્થિર બનાવવા માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે, ખાસ કરીને રનિંગ, વોકિંગ અને સ્પોર્ટ્સ માટે.

## બર્થડે



**નામ : ફરહા સખીવાલા**
**માતા : અફરોઝ સખીવાલા**



**નામ : રુદ્ર જાદવ**
**માતા : અર્ચના જાદવ**

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



# PUZZLE ZONE

**ડૉ. ચંદ્રેશ જરદોશ**

## SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | | 4 | | 6 | | 2 | | 4 |
| 2) | 8 | | 4 | | 6 | | 2 | | 20 |
| 3) | 8 | | 4 | | 6 | | 2 | | 28 |

## CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| B | U | T |
| | | |
| | | |
| C | A | B |

## CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | |
| | 9 | 1 |
| 6 | | |

(વર્તુળો: 21, 15, 27, 25)

## BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને 7 હિન્દી ફિલ્મોના નામ બનાવો. દા.ત. TE JAB = TEJAB

| | | | | |
|---|---|---|---|---|
| DAN | NA | AR | BA | AN |
| LSE | NG | HU | ANG | SI |
| DAZ | DE | AHI | DI | MR |
| DO | | HAM | VR | EW |
| | | | | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 5 અક્ષર | 2 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 4 |

જવાબ
1. ANDAZ
2. DILSE
3. DEEWAR
4. NAVRANG
5. DOBADAN
6. HUMRAHI
7. SINGHAM

## જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | + | 4 | ÷ | 6 | × | 2 | = | 4 |
| 2) | 8 | - | 4 | + | 6 | × | 2 | = | 20 |
| 3) | 8 | × | 4 | - | 6 | + | 2 | = | 28 |

Q2

| | | |
|---|---|---|
| B | U | T |
| C | U | T |
| C | A | T |
| C | A | B |

Q3

| | | |
|---|---|---|
| 4 | 3 | 2 |
| 5 | 9 | 1 |
| 6 | 7 | 8 |

(વર્તુળો: 21, 15, 27, 25)

## શબ્દો શોધો




| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| H | O | U | R | G | L | A | S | S | L | E | A | S | E | L |
| R | F | I | U | K | G | L | S | C | I | S | S | O | R | S |
| O | R | B | G | S | O | O | R | H | B | O | O | K | U | F |
| C | A | O | B | R | U | S | H | O | H | B | E | L | L | L |
| K | K | Y | Y | P | N | U | P | O | S | A | P | B | E | A |
| E | O | F | B | M | L | N | G | L | O | B | E | U | R | G |
| T | A | L | A | R | M | C | L | O | C | K | N | O | A | R |
| P | B | A | L | L | O | O | N | S | L | O | C | U | L | M |
| A | O | S | L | C | P | P | Y | R | A | M | I | D | C | A |
| P | A | K | A | P | N | S | C | H | O | O | L | B | A | G |
| E | B | S | N | S | T | T | C | L | O | U | D | S | R | N |
| R | A | P | P | L | E | U | T | U | B | R | A | M | U | I |
| C | I | T | K | A | C | D | I | G | A | P | Y | U | E | F |
| L | F | B | U | T | T | E | R | F | L | Y | A | G | A | I |
| I | I | U | B | K | A | N | A | L | L | G | R | P | A | E |
| P | L | M | A | P | N | T | P | A | L | E | T | T | E | R |